# આસારામના પત્નીની કોર્ટ મુદતે કાયમી ગેરહાજરીની અરજી કોર્ટે ગ્રાહય રાખી

**આસારામની અરજી કોર્ટે ખારીજ કરી : આગામી મુદતમાં આસારામને કોર્ટમાં હાજર કરવામાં આવે તેવી પણ સંભાવના**

ગાંધીનગર તા ૧૧

આસારામ યોન શોષણ કેસમાં અત્યાર સુધી વિડીયો કોન્ફરન્સથી નિવેદનો લેવામાં આવતા હતા. જયારે યોન શોષણ કેસમાં આસારામના પત્ની લક્ષ્મીબેનને કોર્ટ મુદત્તે કાયમી ગેરહાજરી માફી આપવાની અરજી ગાંધીનગર એડીશ્નલ સેસન્સ કોર્ટે ગ્રાહય રાખી છે. જયારે આસારામની આ અરજી કોર્ટે ખારીજ કરી છે. જેથી આગામી મુદતે આસારામે કોર્ટમાં હાજરી આપવી પડશે.

યૌન શોષણ કેસમાં સંડોવાયેલા આસારામે વકીલ મારફતે ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં કોર્ટ મુદત્તે હાજરીમાં માફી આપવા માટે અરજી કરવામાં આવી હતી. પરંતુ ગાંધીનગર કોર્ટે આ અરજી ફગાવી દીધી છે. જયારે આસારામના પત્ની લક્ષમીબેને પણ કાયમી ગેરહાજરી માફી આપવા કોર્ટ સમક્ષ અરજી રજુ કરી હતી જે કોર્ટે ગ્રાહ્ય રાખી છે. અત્યારસુધી આસારામના નિવેદનો વિડીયો કોન્ફરન્સથી લેવાતા હતા. જયારે હવે કોર્ટ મુદતે આસારામે હાજરી આપવી પડે તેવી પણ શક્યતા છે. આસારામના પત્નીની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી તેઓ કોર્ટની સીડી પણ ચઢી શકતા ન હોવાથી આ સ્થિતિને ધ્યાને લઇ તેમની ગેરહાજરીમાં કેસ ચલાવાની તૈયારી વકીલ બી એમ ગુપ્તા તેમજ સંજયસિંહ વાઘેલાએ દર્શાવી હતી. આરોપીના વકીલોની દલીલોને ધ્યાને લઇ એડીશ્નલ સેસન્સ જજે આસારામના પત્નીની અરજી ગ્રાહ્ય રાખી છે. જયારે આસારામ કેસમાં અત્યાર સુધી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નિવેદનો લેવાયા હતા. જયારે હવે આગામી કોર્ટ મુદત વેળાએ આસારામને કોર્ટમાં હાજર કરવામાં આવે તેવી સંભાવના છે.

# ગરીબોના હિસ્સાની વીજળી-નર્મદા જળ ઉદ્યોગપતિઓને : રાહુલ

**કોંગ્રેસની સરકાર ખેડૂતોના તમામ દેવા માફ કરશે : મનરેગા, જીએસટી સહિત તમામ યોજના મૂળ કોંગ્રેસની જશ ખોટી રીતે ભાજપ ખાટે છે : ભાજપ પર તીવ્ર પ્રહારો**

અમદાવાદ, તા.૧૧ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પહોંચી રહ્યા છે. મોદીના માનીતા ઉદ્યોગપતિઓના ઉદ્યોગોને ફાયદો ઉદેપુર, પંચમહાલ સહિતના વિસ્તારોમાં પ્રવાસ ખેડયો હતો. જયાં નોટબંધી અને જનતાથી માંડી નાના વેપારીઓ-દુકાનદારોની કમર તૂટી ગઇ, તેઓ આર્થિક રીતે પાયમાલ અને બરબાદ થઇ ગયા. નોટબંધી અને જીએસટીના નિર્ણયથી દેશને ભયંકર નુકસાન પહોંચ્યું છે. મનરેગા, જીએસટી સહિતની યોજનાઓ મૂળ કોંગ્રેસ સરકારની હતી પરંતુ તેનો જશ આજે મોદી સરકાર ખોટી રીતે ખાટી રહી છે. મનરેગા યોજના મારફતે ગરીબ અને મજૂર વર્ગને રોજગારી મળે તે હેતુથી કોંગ્રેસ સરકારે રૂ.૩૫ હજાર કરોડ આ યોજનામાં ફાળવ્યા હતા, જયારે આટલી જ મોટી રકમ મોદી સરકારે નેનો પ્રોજેકટ માટે ટાટા કંપનીને લોન પેટે ફાળવી. તેમણે આ મુદ્દે ગંભીરતાથી વિચારવા ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું.



## રાહુલે કબીર મંદિરે ભજન કર્યા તો, ચારો ખવડાવ્યો

રાહુલ ગાંધીએ આજે દાહોદના સાલિયા ખાતે કબીર મંદિરમાં દર્શન કરી ત્યાં ભજન કર્યા હતા. રાહુલ ગાંધીએ તાળીઓનો તાલ મિલાવી ભજન કાર્યક્રમમમાં ભાગ લીધો હતો, તો મંદિરની બહાર ગાયોને ચારો પણ ખવડાવ્યો હતો. રાહુલ ગાંધીએ પછાત વિસ્તારોમાં તેમની યાત્રા દરમ્યાન કયાંક ગરીબ વિસ્તારમાં ચા ની ચુસ્કી માણી હતી તો, કયાંક ગાંઠિયાની મોજ પણ માણી હતી. ગોધરાના એક નાનકડા ગામના ઢાબા પર બેસી રાહુલ ગાંધીએ ગરીબ મહિલાઓ સાથે વાતચીત કરી હતી.

# ગુજરાતને ફરીથી માન્ચેસ્ટર બનાવવા રૂપાણીની નેમ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં ગાર્મેન્ટ ક્ષેત્રને વધુ સુદ્ધઢ કરવા અને એપરલ ઉદ્યોગના માધ્યમથી મહિલાઓ માટે રોજગારીની વિપુલ તકોનું નિર્માણ કરવાના હેતુથી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ગાર્મેન્ટ એન્ડ એપરલ પોલીસી-૨૦૧૭ની જાહેરાત કરી છે. આજે ગાંધીનગરમાં આ જાહેરાત કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતને ફરીથી માન્ચેસ્ટર બનાવવું છે. કપાસનું વધુ ઉત્પાદન કરતું ગુજરાત કાપડ અને કપડાંના ઉત્પાદનમાં પણ નંબર વન બને એવી નેમ સાથે આ પોલીસી તૈયાર કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાર્મેન્ટ એન્ડ એપરલ પોલીસીની વિસ્તૃત જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેશન અને ફેશન ટુ ફેબ્રીક, ફેબીક ટુ ફોરેનમ એક્સપોર્ટ સુધીની ચેન વધુ સુદ્દઢ બને એ દિશાના રાજ્ય સરકારના પ્રયત્નો છે. ગાર્મેન્ટ અનો ટેક્ષટાઈલ્સ ક્ષેત્રમાં મહિલાઓની સંખ્યા સ:વિશેષ હોય છે. આ પોલીસીથી મહિલા રોજગારીને વધુ પ્રોત્સાહિત કરવા ગાર્મેન્ટ એન્ડ એપરલ પોલીસી અંતર્ગત ફેક્ટરીઓમાં કામ કરતી મહિલા કારીગરોને પ્રતિ માસ ૩૨૦૦ની મર્યાદામાં પે રોલ સહાય રાજ્ય સરકાર ચુકવશે. જ્યારે પુરુષ કારીગરોને પ્રતિ માસ ૩૨૦૦ની મર્યાદામાં રાજ્ય સરકાર વેતન ચુકવશે. સહાયનું આ પ્રોત્સાહન પાંચ વર્ષ સુધી મળવાપાત્ર રહેશે. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્પીનીગ અને વીવીંગ ઉદ્યોગ વિકસ્યો છે. છેલ્લા પાંચેક વર્ષમાં રાજ્યમાં ૨૫ લાખથી વધુ સ્પિન્ડલ સ્થાપિત થયા છે.

## વાતાવરણ પલ્ટાયુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. સવારથી જ આકાશમાં વાદળોના ઘેરાવાના લીધે ગમે ત્યારે વરસાદ ખાબકે તેવી શક્યતા જોવા મળી હતી. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ વધતા નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો હતો. દિવસનુ મહત્તમ તાપમાન ૩૪ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૧ ડી ગ્રી રહયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૭૮ ટકા તેમજ સાંજે ૮૧ ટકા રહયુ હતુ. દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે પરસેવે ભીંજાતા નગરજનો બફારાથી અકળાયા હતા. દિવાળી ટાંણે મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળતા વેપારીઓમાં પણ ચિંતા પ્રવર્તી છે. જયારે આમ નાગરિકો પણ મોસમના મિજાજથી બેબાકળા બન્યા છે. નવરાત બાદ મોડી રાત્રે ગુલાબી ઠંડીની શરૂઆત થતા હવે ઠંડીની લહેર અનુભવાશે તેવો અહેસાસ કરતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે.

## ઈ-હરાજી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટર વાહનના પસંદગીના નંબરની ફાળવણીની ઓનલાઈન પ્રક્રિયા ઈ-ઓકશનથી અરજદાર પોતે ઓન લાઈન પસંદગીના નંબરની પસંદગી કરી શકશે. પરિણામે એજન્ટ કે વચેટીયાની મદદ વગર ભ્રષ્ટાચારને કોઈ અવકાશ રહેશે નહિ તેમ જણાવી વાહન વ્યવહાર રાજય મંત્રી વલ્લભભાઈ કાકડિયાએ જણાવ્યું હતું કે, પસંદગીના નંબર મેળવવા માટે ગત વર્ષે રાજય સરકારે રૂ. ૬૫ કરોડ જેટલી માતબર રકમની આવક થઈ હતી.

વાહન વ્યવહાર વિભાગના અગ્ર સચિવ વિપુલ મિત્રાએ જણાવ્યું હતુ કે, રાજયની આર.ટી.ઓ. કચેરીમાં પારદર્શિતા આવે અને એજન્ટ વિહીન પધ્ધતીનો અમલ થાય તથા પ્રજાને આર.ટી.ઓ કચેરીમાં ગયા વગર ટેકનોલોજીના ઉપયોગથી ઓન લાઈન પધ્ધતીથી કામો થાય તે દિશામાં રાજય સરકારે પગલાંઓ લીધા છે. ટેકનોલોજીના માધ્યમથી વહીવટી પ્રક્રિયામાં કૌશલ્ય અને ઝડપ આવશે અને ગેરરીતીઓ નિવારી શકાશે.

વાહન વ્યવહાર કમિશનર કચેરીના ખાસ ફરજ પરના અધિકારી જે.એન. વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આ પ્રસંગે વાહન વ્યવહાર વિભાગના નાયબ સચિવ પી.કે. મજમુદાર, ઉપસચિવ સોની, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી જનરલ મેનેજર ગોપાલ પ્રસાદ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શરમ કરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ તો શહીદ પરિવારોએ પણ હવે સત્યાગ્રહ છાવણીમાં ધામા નાંખવાનો વારો આવ્યો છે. રાજયના પાટનગરમાં સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં બુધવારે શહીદ જવાનોના પરિવારજનોએ સરકાર સમક્ષ સહાય માટે ગુહાર ઉઠાવી... આમ જોવા જઈએ તો સ્વતંત્ર ભારતનાં પાંચ દાયકાના અંતે સર્જાયેલા આ દશ્યો જોઈ એક સાચા દેશભક્તનું માથુ શરમથી ચોક્કસ જુકી જાય.... પરંતુ જ્ઞાતિવાર અને મતોના રાજકારણમાં દેશહિતની વાતો પણ હવે કોરાણે મુકાઈ ગઈ હોવાનો રોષ પ્રબળ નાગરિકો ઠાલવી રહ્યા છે. દેશની સરહદ પર ખુમારી અને બહાદુરીથી માથું ઉંચુ રાખતા શહીદોના પરિવારોને હવે ઝેર ગટગટાવાનો વિચાર આવ્યો તે વાત જ રાષ્ટ્રમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાની શું સ્થિતિ હશે તે સ્પષ્ટ કરે છે. શહીદોના પરિવારોની આ દશા સમાજ અને સરકાર બન્ને માટે શરમજનક હોવાનો રોષ પણ ભભૂક્યો છે.

દેશની સુરક્ષા અને અખંડિતતામાં પોતાનો જીવ હોમી દેનાર શહીદ જવાનોના પરિવારજનોને અન્ય રાજ્યોમાં જમ્મુ-કાશ્મીર, આસામ, પંજાબ, હરિયાણા, ઝારખંડ, બિહાર, ઉત્તરાંચલ, છતીસગઢ, દિલ્હી અને મધ્યપ્રદેશમાં વિવિધ સવલતો આપવામાં આવે છે. જેમાં ખેતીલાયક જમીન, રહેણાંક પ્લોટ, રોકડ સહાય, સરકારી નોકરી, પેટ્રોલપંપ અથવા ગેસ એજન્સીની ફાળવણી જેવા લાભોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પણ દેશ માટે શહીદ થનાર સૈનિકોના પરિવારો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. પરંતુ તેમને અન્ય રાજયો જેવી સવલતો આપી શહીદનું સન્માન જાળવવામાં આવતુ હોય તેવી કોઈ પહેલ રાજય સરકાર દ્વારા કરવામાં આવી નથી. જે અત્યંત દુ:ખદ બાબત છે. રાજયના ૬૪ શહીદોના પરિવારોને પણ આ પ્રકારનું વતળતર-સન્માન સરકાર તરફથી અપાય તે માટે શહીદોના પરિવારજનોને આજે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેસવુ પડ્યું છે. તે રાજ્ય સરકાર માટે શરમજનક ઘટના છે. આગામી સમયમાં પણ જો આ બાબતે સરકાર ગંભીર નહીં જણાય તો આ શહિદ પરિવારોના સભ્યો ઝેર પીને જાહેરમાં સામુહીક આત્મવિલોપન કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અથડામણમાં શહીદ થયેલા જવાન ભારતીય સેનાના હતા. અહેવાલ મુજબ એક ઘરમાં ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ વહેલી પરોઢે સુરક્ષા દળોએ પરિબળ ગામને ઘેરી લીધું હતું અને ઓપરેશન હાથ ધર્યું હતું. ત્રાસવાદીઓ જે ઘરમાં છુપાયેલા હતા તે ઘરમાંથી ગોળીબાર કરવામાં આવતા ઓપરેશન હાથ ધરાયું હતું. બે ત્રાસવાદીઓ ઘટના સ્થળે ઠાર થયા હતા. ત્રણ જવાન પણ ઘાયલ થયા હતા. કાલિયાના કહેવા મુજબ ચિનાર કોર્પ્સના કમાન્ડર અને તમામ રેંકના અધિકારીઓએ શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે અને તેમના સાહસની પ્રશંસા કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સેના કાશ્મીરમાં હાલમાં ઓપરેશન ઓલઆઉટ ચલાવી રહી છે. જેના ભાગરૂપે ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી રહ્યા છે. જેમાં લશ્કરે તોયબાના કેટલાક કમાન્ડર અને જેશના કુખ્યાત ત્રાસવાદી પણ સામેલ છે. સેના હાલમાં મોટા અને વધારે સક્રિય ત્રાસવાદીઓને શોધીને ઠાર કરી રહી છે. તેમાં સફળતા પણ મળી રહી છે. સરહદ પર ઘુસણખોરીના કેટલાક પ્રયાસો નિષ્ફળ કરવામાં આવ્યા છે.




શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાતની સંવેદનશીલ સરકારના સક્રિય પ્રયત્નોથી
કાપડ ઉદ્યોગના ફાઈબર - ફેબ્રીક - કપડાંના ઉત્પાદન/જોબવર્ક/વેપાર સાથે સંકળાયેલા
નાના-લઘુ અને મધ્યમ (MSME) એકમોના પ્રશ્નોનું નિવારણ

ઉત્પાદન સંલગ્ન એકમોને રાહતો

- યાર્ન, કાપડ અને રેડીમેડ ગારમેન્ટના ઉત્પાદનની તમામ પ્રક્રિયાઓ-જોબવર્ક ઉપર વેરાનો દર ૧૮% થી ઘટાડીને ૫% કરવામાં આવેલ છે.
- આંતરરાજ્ય જોબવર્ક કરનારને રૂા. ૨૦ લાખના ટર્નઓવર સુધી રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ

| ચીજ-વસ્તુ | GSTના અગાઉના દર | GSTના નવા દર |
|---|---|---|
| માનવનિર્મિત રેશાના દોરા | ૧૮% | ૧૨% |
| તમામ કૃત્રિમ ફિલામેન્ટ યાર્ન, જેમ કે નાયલોન, પોલીસ્ટર, એક્રિલીક, વિસ્કોસ, રેયોન, ક્યુપ્રામોનિયમ વગેરે | ૧૮% | ૧૨% |
| માનવનિર્મિત સ્ટેપલ ફાઈબરના સિલાઈદોરા તથા યાર્ન | ૧૮% | ૧૨% |
| રિયલ જરી | ૧૨% | ૫% |
| સાડીફોલ | ૧૨% | ૫% |
| ક્વોડ્રોય ફેબ્રીક્સ | ૧૨% | ૫% |
| કટપીસ તથા રેડી-ટુ-સ્ટીચ ડ્રેસ મટીરીયલ્સ (કાપડ તરીકે ગણવા ઠરાવેલ છે.) | ૧૨% | ૫% |




નિકાસકારો અને નાના કરદાતાઓને વિશેષ સવલત

- નિકાસ સાથે સંકળાયેલા એડવાન્સ ઓથોરાઈઝેશન (AA), એક્ષપોર્ટ પ્રમોશન કેપીટલ ગુડ્ઝ (EPCG), 100% EOU ધારકોને ઈમ્પોર્ટ તથા સ્થાનિક ખરીદી ઉપર વેરો ચૂકવવામાંથી મુક્તિ
- મર્ચન્ટ એક્ષપોર્ટર્સ હવે સ્થાનિક સપ્લાયર્સ પાસેથી ૦.૧% જેવા નજીવા દરે વેરો ચૂકવી નિકાસ અર્થે ખરીદી કરી શકશે
- નિકાસકારોને નિકાસ માટેની ચીજવસ્તુઓના ક્લીયરીંગ કરે ત્યારે તેમને બોન્ડ અને બેંકગેરંટીમાંથી મુકિત
- જુલાઈમાં નિકાસ અર્થે ચૂકવાયેલ IGSTના રિફંડની ચૂકવણી તા.૧૮-૧૦-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે
- RCM ની કલમ-૯(૪) હેઠળની ખરીદી ઉપર વેરો ભરવાની જોગવાઈનો અમલ તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી સ્થગિત રાખવાનું ઠરાવેલ છે.
- વાર્ષિક રૂા.૧.૫ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા કરદાતાઓને માસિકપત્રકો અને વેરો ભરવામાંથી મુક્તિ આપી જેથી પત્રક અને વેરો ત્રિમાસિક ધોરણે રહેશે, આમ છતાં મોટા વેપારીઓને માસિક ધોરણે વેરાશાખ ઉપલબ્ધ થશે

ખુશખબર

ઉચ્ચકવેરાની યોજના વધુ આકર્ષક બનાવવા
રેસ્ટોરન્ટ ઉપર વેરાના દર ઘટાડવા અને કર માળખું વધુ સરળ બનાવવા

રાજ્યોના નાણાં મંત્રીઓની સમિતિ (GOM)ની રચના

સામાન્ય જનતાની સંવેદનાને અનુરૂપ બન્યો છે, સારો અને સરળ GST કાયદો - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

NATION TAX MARKET